વેદ દર્શનાચાર્ય ઉદાસીન પરમહંસ
પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૮ સ્વામી
શ્રી ગંગેશ્વરાનંદજી મણ્ડલેશ્વરનાં

વ્યાખ્યાનો

ભક્તિ યોગ.

છપાવનાર અને પ્રસિદ્ધ કરનાર.
શુકલ કેશવલાલ ઉમીયાશંકર
માંડવીની પોળમાં શેઠની પોળ.
અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦   સને ૧૯૮૭

મુદ્રક: શ્રીકૃષ્ણ મુદ્રણાલયમાં પા. પુરસોતમ શંકરદાસે
છાપી રીચીરોડ—અમદાવાદ.

—: અર્પણ પત્રિકા :—

મહારાજ શ્રી પોતે અમદાવાદ પધારી પોતાનાં અમૃતમય વેદોક્ત અને શાસ્ત્રમય પ્રવચનોનો લાભ શહેરી જનોને આજ લગભગ ત્રણ માસથી આપી રહ્યા છે. તે એક અમદાવાદનાં અહોભાગ્ય છે અને તેથી કરી આ એક લઘુપુસ્તક માહારાજશ્રીનાં ચરણારવીંદમાં અર્પણ કરી હું કૃતાર્થ થાઊં છું.

નોટ—માહારાજશ્રીના અપુર્વ જ્ઞાન સાગરની આ એક ટુંક નોધ લેતાં મારા અલ્પ જ્ઞાનને લઇને જે કાંઇ તેમાં ઊણપ રહી હોય તે મારી પોતાની હોઈ સુજ્ઞ વાંચક બંધુઓ તે માટે મને ક્ષમા આપશો અને આ સદ્જ્ઞાન વધારે ફેલાય એ પ્રેરણાથી પ્રકાશિત કરેલું આ લઘુ પુસ્તક ઊદાર ભાવથી વાંચી, મનન કરી અને તે પ્રમાણે વર્તી લાભ મેળવશો તો મારો પ્રયત્ન સફળ થયો માનીશ. આ પુસ્તક ટુંક સમયમાં તૈયાર કરવામાં જે જે ભાઇઓએ મદદ આપી છે તે સર્વનો અત્રે આભારમાનું છું.

શુકલ કેશવલાલ ઉમીયાશંકર.



वेद दर्शनाचार्य उदासीन परमहंस परिव्राजकाचार्य श्री १०८

स्वामी श्री गङ्गेश्वरानन्दजी मण्डलेश्वर

उदासीन संस्कृत विद्यालय, टेढीनीम काशी

પરમ પૂજ્ય સ્વામીશ્રી
ગંગેશ્વરાનંદજીનુ.
કથામૃત.
વિષય—ભકિત

વેદમાં ભકિતનું વૃષભ અથવા બળદ રૂપે વર્ણન કર્યું છે.

चत्वारि शृंगा त्रयो अस्य पादा द्वेशीर्षे सप्तहस्ता सो अस्य त्रिधा बद्धो वृषभो रोरवीति महोदेवो मर्त्यानाविवेश ॥

અર્થ—ચાર શીંગડાં, ત્રણ પગ, બે માથાં, સાત હાથ વાળો ત્રણ રીતથી બંધાએલો ભક્તિરૂપી બળદ મૃત્યુલોકમાં લોક કલ્યાણને અર્થે આવ્યો. ભક્તિનો લોક કલ્યાણ માટે મૃત્યુલોકમાં પ્રચાર થયો.

ભક્તિને બળદની ઉપમા કેમ આપી? જેમ સંસારમાંની બધી મુખ્ય ભૌતિક જરૂરીયાતો (અન્ન ને કપડાં) પુરી પાડનાર મુખ્ય સાધન બળદ છે તેમ પારલૌકિક બધી જરૂરીયાતો ભક્તિથી પ્રાપ્ત થાય છે માટે कामानां वर्षनाद्वृषभः કામનાઓ પુરે તે વૃષભ બીજું વેદમાં પણ ગાયને પવિત્ર માનેલી છે, सदा गावो शुचयः ગાયો હમેશાં પવિત્ર છે માટેજ ગૌપુત્ર વૃષભને ભક્તિની ઉપમા યોગ્ય ગણ્યો છે. શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ વૃન્દાવનમાં ગાયો ચારીને ગો સેવાનું મહત્વ બતાવ્યું છે ગો સેવા મહત્વનું બીજું દ્રષ્ટાંત રાજા દિલીપનું રઘુવંશમાં વિસ્તૃત વર્ણન છે. ગુરૂ આજ્ઞાથી રાજા દિલીપ કામધેનુને ચરાવવા વનમાં લઈ જાય છે થોડા દિવસ પછી તેની ગો ભક્તિની કસોટી કરવા કામધેનુ બીજું સિંહસ્વરૂપ ધારણ કરીને પોતા ઉપર છાપો મારે છે. આ જોતાંજ રાજા પોતાનું બળ અજમાવવા જાય છે, પણ હાથજ ઉપડતા નથી, સિંહને પૂછતાં

સિંહ કહે છે કે હું શંકરનો ગણ છું અને અહિં આવેલા શિકારનું ભક્ષણ કરવાની મને શીવે રજા આપેલી છે. માટે આ ગાયને હું છોડનાર નથી. આખરે રાજા પોતાનું શરીર ગાયને બદલે આપવાનું કહે છે. સિંહ તેને બીજાને ખાતર પોતાના સુંદર દેહને આપતાં વિચાર મૂઢ (દીવાનો) થયો છે કે શું એમ સમજાવે છે.

एकातपत्रं जगतः प्रभुत्वं नवंवयः कांतमिदं वपुश्च
अल्पस्य हेतो बहु हातुमिच्छन् विचारमूढः प्रतिभासि मेत्वं

અર્થ—દુનીઆનું ચક્રવર્તિ રાજ્ય, યુવાની, સુંદર દેહ, તે તમામ એક નજીવી વસ્તુ (ગાય) સારૂ ત્યજનાર તમો મને બુદ્ધિમંદ જાણુઓ છે.

રાજા કહે છે કે એક દીવસ માટીમાં મળનારા આ શરીર માટે મને મોહ નથી. માટે રે સિંહ તું સુખેથી મારૂં બલિદાન લે. આખરે કામધેનુ તેના પર પસન્ન થાય છે

तदंग निस्यं- जलेन लोचने प्रमृज्य पुण्येन पुरस्कृतः सताम्,
अतीन्द्रियेष्वप्युपपन्न दर्शनो बभूव भावेन दिलोपनंदनः ॥ रघुवंश

અર્થ—ગો મૂત્રને આંખે લગાડીને ઇંદ્રિયોથી અગમ્ય એવી વસ્તુઓ જોવા લાગ્યો કારણ સત્ પુરૂષોએ તેને આગળ કરેલો હતો.

વેદ મંત્રમાં ભકિત વૃષભના ચાર શિંગડાં બતાવ્યાં છે. તે કયાં ભકિતના ચાર ભાવ.

૧ સખ્યભાવ ૨ વાત્સલ્યભાવ ૩ દાસભાવ ૪ મધુરભાવ અથવા ગીતામાં ભગવાને બતાવ્યા છે તે ૧ આર્ત, ૨ જીજ્ઞાસુ, ૩ અથાર્થી, ૪ જ્ઞાની.

...जिज्ञासुरर्थार्थी ज्ञानी च ...रतर्षभ । (गीता)

...ક્તિ વૃષભનાં શિંગડાં છે.

તેમાંથી પ્રથમ આપણે વાત્સલ્ય ભાવ લઇએ તે ભાવથી કોણ મોક્ષ પામ્યું? માતા યશોદા અને નંદરાજા વાત્સલ્ય ભાવથી મોક્ષ પામ્યાં, માતા કૌશલ્યા પણ અપૂર્વ વાત્સલ્ય ભાવથી મોક્ષ પામ્યાં

मातः किं यदुनाथ, देहि चषकं ।
किं तेनः पातुं पय स्तन्नास्त्यद्य ।
कदास्ति तन्निशि निशा का वान्धकारोदये ॥
आमील्याक्षि युगं निशाप्युपगता ।
देहीति मातुः पुनर्वक्षोजाम्बरकर्षनोद्यत
करः कृष्णः स पुष्णातु नः ।

કૃષ્ણ:—હે મા!	કૃષ્ણ:—ક્યારે મળશે?
યશોદા:—કેમ કૃષ્ણ!	ય:—તે તો રાત્રે મળશે?
કૃષ્ણ:—પ્યાલો લાવ;	કૃષ્ણ:—રાત શું છે?
ય:—શા માટે?	ય:—અંધારૂં થએથી
કૃષ્ણ:—દુધ પીવા	કૃષ્ણ:—(આંખો બંધ કરી ને) ત્યારે અંધારૂં થયું? રાત પડી
ય:—તે હાલ નથી	હવે તો દુધ લાવ.

આ પ્રમાણે બોલી માતાનું વસ્ત્ર ઊંચા હાથથી ખેંચતા કૃષ્ણ અમાઇ પોષણ કરો.

कृष्ण त्वं पठ किं पठामि ननुरे
शास्त्रं, किमु ज्ञायते तत्त्वं कस्य ॥
विभोः सः कः त्रिभुवनाधिशस्ततेनापि किं ।
ज्ञानं भक्तिरथो विरक्ति रनया किं ॥
मुक्तिः मुक्तिरेवास्तु त ।
दध्यादीनि भजामि मातु रुदितं वाक्यं हरेःपातु वः

ય:—કૃષ્ણ ! ભણ	ય:—ત્રણ ભુવનનો નાથ
કૃ:—શું ભણું ?	કૃષ્ણ:—તેનાથી શું
ય:—શાસ્ત્ર	ય:—જ્ઞાન ભક્તિ ને વૈરાગ્ય મળે
કૃ:—તેથી શું જણાય ?	કૃષ્ણ:—આથી શું ?
ય:—તત્વ	ય:—મોક્ષ થાય
કૃ:—શાનું ?	કૃષ્ણ:—તે તો ભલે તને થાય મને તો દહી દુધ વિગેરે આપ
ય:—પ્રભુનું	આ પ્રમાણે માતા પ્રત્યે
કૃ:—તે કોણ ?	હરીએ બોલેલું વચન તમારૂં રક્ષણ કરો.

આ માતાનો પ્રભુ પ્રત્યેનો વાત્સલ્ય ભાવ છે.

एह्येहि वत्स नव नीरद कोमलांग ।
चुम्बामि मूर्ध्नि चिराय परिष्वजे त्वां ॥
आरोप्य वा हृदि दिवानीशमुद्वहामि ।
वन्देऽथवा चरण पुष्कर द्वयं ते ॥

હે વત્સ આમ આવ. શ્યામ ને કોમળ તારા શરીરને માથા પર ચુમ્બન કરૂં. તને લાંબો વખત ભેટું. અથવા છાતી ઉપર (હૃદયમાં) રાતને દીવસ રમાડું, અગર તારાં બન્ને ચરણકમળને વંદન કરૂં.

ભગવાન બાલપણમાં પગનો અંગુઠો કેમ ચુસતા હતા.

विहाय पीयूष रसं मूनिश्वराः ।
ममांघ्री राजीव रसं पिबन्ति किं ॥
इति स्वपादाम्बुज पान कौतुकि ।
सगोप बालो श्रियमातनोतु वः ॥

અર્થ:—અમૃત રસને છોડીને મુનીશ્વરો મારા ચરણ (કમળ)

અમૃતનું પાન કેમ કરે છે એ કૌતુક જાણવાની ઇચ્છાથી પોતાનો અંગુઠો ધાવનાર ગોપાળ બાળ કૃષ્ણ અમારી લક્ષ્મીને વધારો.

હવે લઇએ સખ્ય ભાવ.

જેવો કે અર્જુનનો શ્રી કૃષ્ણ પ્રત્યે.

सखेति मत्वा प्रसभं यदुक्तं।
हे कृष्ण हे यादव हे सखेति ॥

જેમ સંસારીક મિત્રોમાં એકની ગેર હાજરીમાં બીજાને ખાવું પીવું કામ કરવું સુઝતું નથી. તેમ શ્રી કૃષ્ણ અને અર્જુનને હતું. જ્યારે અર્જુનને કાબા લોકોએ લૂંટી લીધો ત્યારે ધનુષ્ય (ગાંડીવ) સાથે હોવા છતાં મિત્ર કૃષ્ણ પૃથ્વી પર ન હોવાથી અર્જુને લઢવું પસંદજ ન કર્યું. આ સખાભાવ

હવે દાસ્ય ભાવ.

દાસ્ય ભાવનું સૌથી જવલંત દૃષ્ટાંત શ્રી હનુમાનજી છે. તેમણે અનન્ય ભાવથી શ્રી રામચંદ્રની સેવા કરી હતી, અને તે ફલાસકિત અથવા કંઇ પણ બદલો મળવાની આશા સિવાય. સંસારમાં પણ જુઓને કોઇ નોકર શેઠનું કામ સંપૂર્ણ પ્રમાણીક પણે રાતદિવસ, એકનિષ્ઠાથી અનેકગણું કરતો હોય અને પગાર બીલકૂલ ન લેતો હોય તેવો નોકર શેઠને પોતાના પુત્ર કરતાં પણ વહાલો લાગે છે. તો હનુમાનજી તો બીલકુલ બદલાની આશા સિવાય .સેવા કરતા હતા. તેમની શ્રી રામ પ્રત્યે કેટલી ઉંચી નિષ્ઠા (ભકિત) હતી તે અયોધ્યામાં આવ્યા પછી શ્રી સીતાજીએ હનુમાનજીને એક બહુ મૂલ્યવાન મોતીની માળા ભેટ આપી આ માળા લઇને હનુમાને પત્થર વડે તેનાં મોતી એક પછી એક ફોડવા માંડયાં આ જોઇને શ્રી સીતાજીને લાગ્યું કે આ મર્કટ (વાનર) ને મોતીનું કંઇ

મૂલ્ય નથી શ્રી રામને ખુલાસો પૂછતાં તેમણે હનુમાનજીને જ પૂછી જોવા કહ્યું. હનુમાનજીને પૂછતાં તેમણે કહ્યું આમાં "રામ" નથી માટે મારે આ ઉપયોગનું નથી તેથી જ એક એક મોતી ફોડીને જોઉં છું કે તેમાં રામ છે? આ વખતે સભા જનોએ હનુમાનજીને કહ્યું કે તમારા શરીરમાં ક્યાં રામ છે કે તે તમો રાખી રહ્યા છો! અત્રે શ્રી હનુમાનજીએ પોતાની છાતી ચીરી પોતાના હૃદયમાં શ્રી રામનું બધાને દર્શન કરાવ્યું હતું. આ એક ઉત્તમ પ્રકારના દાસ્ય ભાવને જ લીધે.

હવે મધુર ભાવ.

પર્વતનો અંધકાર સૂર્યનાં કિરણો પડતાં જ નાશ થાય તેમ પાપ રૂપી મેલ અંતઃકરણનો અંધકાર હરિનામ સ્મરણ રૂપી કિરણથી નાશ થાય બીજા શબ્દોમાં કહીએ તો વિષયાસક્તિ રૂપી મેઘ જો પ્રભુ પ્રેમને ઢાંકી દે તો વિવેક રૂપી વાવાઝોડાથી તેને દૂર કરી શકાય ટુંકામાં વિવેકથી વિષયાસક્તિ દૂર થાય.

પ્રકૃતિનો (માયાનો) આત્મા (બ્રહ્મ) સાથે મધુર ભાવ છે. તે મધુર ભાવ ન હોત તો સૃષ્ટિ ઉત્પન્ન ન થાત. મધુર ભાવનું ખાસ લક્ષણ એ છે કે જેનો મધુર ભાવ જેમાં હોય તેમાંનાં બન્ને પછી ઉપરથી જુદાં ભલે દેખાય પરંતુ અંદરથી જુદાં રહી શકતાં નથી. જેમકે પ્રકૃતિ પ્રભુ શીવાય એકલી રહી શકે નહિ. જે ભક્તનો પ્રભુમાં મધુરભાવ થાય તો તે પોતાનું બધુ પ્રભુ માટે જ કરે છે એની બુદ્ધિરૂપી ચાતકણી પ્રભુરૂપી મેઘનું પાન હંમેશાં કર્યા કરે છે તેવો ભક્ત ફૂલો જુએ તો પ્રભુના હસ્ત પ્રસરેલા જુએ સૂર્ય જુએ તો પ્રભુનું તેજ પ્રસરેલું જુએ.

પ્રભુનું સ્મરણ ભુલે તો પોતાને મુવો સમજે.

દૃષ્ટાંત—એક મહાત્મા હતા. તેમનો શિષ્ય પ્રવાસે ગયો હતો પ્રવાસથી પાછો આવતો હતો ત્યારે રસ્તામાં ગામલોક મળ્યા તેમને ગુરુની ખબર પૂછતાં કહેવા લાગ્યા કે તમારા ગુરૂ તો મરી ગયા શિષ્યે કહ્યું ભલે હું જઇને છેલ્લા પ્રણામ કરી અગ્નિદાહ દઇશ, તો કહે અગ્નિદાહ થઇ ગયો. પણ હું જઇને ભંડારો કરીશ, તો કહે ભંડારો થઇ ગયો. પણ કહે હું જઇને પર્ણકુટી કે જ્યાં ગુરૂ રહેતા હતા ત્યાંથી તેમની ચરણરજ લઇશ, ત્યારે કહ્યું જાઓ. શિષ્ય જઇને જુએ તો ગુરુ પર્ણકુટીમાં જીવતા જાગતા બેઠા હતા શિષ્યે બધી વાત ગુરૂને કહી ત્યારે ગુરૂએ ખુલાસો આપ્યો કે ભાઇ ગામલોક કહેતા હતા તે ખરી વાત છે. હું ચાર ઘડી સુધી પ્રભુ સ્મરણ **ભૂલીને ગામલોક સાથે વાતો કરતો હતો તેટલી ઘડી હું મરેલો જ હતો.** પહેલી ઘડીમાં-મરેલો હતો. બીજી ઘડીમાં અગ્નિદાહ થયો હતો, ત્રીજી ઘડીમાં ભંડારો પણ થયો હતો, ચોથી ઘડીમાં હું પાછો પ્રભુ સ્મરણ કરવા લાગ્યો એટલે હું જીવતો થયો.

માયાનો આત્મા સાથે મધુરભાવ છે જેમ પતિવ્રતા સ્ત્રીનો પતિ સાથે મધુરભાવ હોય છે. એક વખત મીરાંબાઇની માતા પૂજા કરતાં હતાં કૌમાર અવસ્થામાં માતા મીરાં પાસે જઇ કહે માતા! મારા પતિ કોણ? એમ પૂછવા લાગ્યાં. માતાએ કહ્યું તારા પતિ શ્રીકૃષ્ણ ત્યારથી જ મીરાંએ મન સાથે ગાંઠ વાળી કે મારા પતિ શ્રી કૃષ્ણ પાછળથી મીરાંને રાણા સાથે પરણાવવામાં આવ્યાં પરંતુ મીરાંના ખરા પતિ તો શ્રી કૃષ્ણ જ રહ્યા રાણાએ.

વિખરે પ્યાલો ભેજીયો મીરાંજી કે ધામ.
ચરણામૃત કરી પી ગઇ લેકર હરિકા નામ

મીરાંને શ્રી કૃષ્ણ સીવાય અન્યત્ર પુરૂષ ભાવજ ઉઠી ગયો હતો મથુરામાં એક ગોસ્વામી રહેતા હતા તેમના દર્શને મીરાં ગયાં તેઓ સ્ત્રીનું મોં જોતા નહિ હોવાથી મીરાંને દર્શન નહિ થાય એમ કહ્યું, તેમને મીરાંએ કહાવી મોકલ્યું કે વ્રજમાં હું કૃષ્ણ શીવાય બીજા કોઇને પુરૂષ જોતિ નથી. મને તમારામાં હજુ આ સ્ત્રી ને આ પુરૂષ એવો ભેદ ભાવ છે એ જોઈ નવાઇ લાગે છે. મારી નજરમાં સ્ત્રી પુરૂષ એવા ભિન્ન ભાવજ નથી. આટલે દરજ્જે મીરાંનો **મધુરભાવ** આગળ વધેલો જોઈ ગોસ્વામી દંગ થઈ ગયા ને આવીને મીરાંના ચરણ પકડયા.

આવોજ મધુરભાવ ગોપીઓ અને શ્રી કૃષ્ણ વચ્ચે હતો. ગોપીઓનો શ્રી કૃષ્ણ તરફ જે પતિભાવ હતો તે વિષયાસકિતને લઇને પતિભાવ ન હતો. પરંતુ શ્રી કૃષ્ણ જગત્ પતિ છે અને અમે પણ જગતમાં છીએ તો સામાન્ય રીતે કૃષ્ણ અમારા પતિ કહેવાય.

कल्पित वस्तुनोऽधिष्ठानं।

અધિષ્ઠાન ન રહે તો કલ્પિત વસ્તુ ન રહે.

અંધકારમાં રજ્જુ સર્પ દેખાય છે આમાં સર્પ એ કલ્પિત વસ્તુ છે અને રજ્જુ એ અધિષ્ઠાન છે જો અંધકાર દૂર થાય તો રજ્જુનું રજજુ (દોરડુ) રૂપ અધિષ્ઠાનનું જ્ઞાન થવાથી કલ્પિત વસ્તુ સર્પ દૂર થાય.

આ પ્રમાણે માયાનું અધિષ્ઠાન બ્રહ્મ છે. એટલે બ્રહ્મ સીવાય માયાનું હોવું સંભવતું નથી.

ગોપિકાઓને પૂછયું કે હે ગોપીકાઓ તમે કૃષ્ણમાં આટલો બધો મધુરભાવ રાખો છો તો તમે ગોકુળથી મથુરા માત્ર ત્રણજ ગાઉ દૂર કૃષ્ણ છે ત્યાં કેમ જતાં નથી ? ગોપીકાઓ કહે છે.

संगम विरह विकल्पे ।
वरमे विरहो न संगमस्तस्य ॥
संगे सैवतथैकस् त्रि्‌वनमपि तन्मयं विरहे ॥

અર્થ—સંગમ અને વિરહ પૈકી હું તો વિરહને પસંદ કરૂં છું કારણ કે સાથમાં તો કૃષ્ણ એકજ જણાય છે પણ વિયોગ વખતે સર્વ જગત તેનાથી ભરપુર જણાય છે.

કૃષ્ણ પાસે હોય ત્યારે તો જ્યાં હોય ત્યાંજ દેખાય પરંતુ. હાલ મથુરામાં છે. એટલે નજર આગળ નથી પરંતુ વિરહથી અમારો મધુરભાવ એટલો ઉચ્ચ કક્ષાએ પહોચ્યો છે કે અમને કૃષ્ણમય જગત્ દેખાય છે. માટે મધુરભાવ એટલે તન્મયભાવ એવો ભાવ મેળવવા માટે પ્રયત્ન પણ અપૂર્વ કરવો જોઇએ.

રઘુ રાજાને ત્યાં એક બ્રાહ્મણ કન્યાદાન માટે ધન યાચવા ગયો, રાજાએ તેને ધનભંડારમાંથી જેટલું બાંધીને લેવાય તેટલું અને સાંજ પડતાં પહેલાં લેવા કહ્યું. બ્રાહ્મણ ભંડારમાં ગયો ત્યાં સુવર્ણના દાગીના જોયા, પછી હીરા, પછી મોતી. પછી જવાહીર વિગેરે એકથી એક મૂલ્યવાન રત્નો જોયાં અને આ લેવું ને આ ન લેવું તેના વિચારમાં જ સાંજ પડી ગઈ ને બ્રાહ્મણને ધન સીવાય વિદાય થવું પડયું તેવી જ રીતે આપણને પણ મનુષ્ય દેહરૂપી અમુલ્ય અવસર શ્રી પ્રભુરૂપી ધન મેળવવાનો મળ્યો છે જો સાંજ પડી (દેહાંત થઇ ગયો) તો ખાલી હાથે પાછા જવું પડશે (ચોરાસીના ચકકરમાં અથડાવું પડશે) માટે ચેતો ચારમાંથી કોઇ પણ ભાવનું અવલંબન કરીને પ્રભુપ્રેમ વધારો અને મોક્ષ મેળવો.

करिष्यामि करिष्यमि करिष्यामि इति चिन्तया ।
मरिष्यामि मरिष्यामि मरिष्यामि इति विस्मृतः ॥

અર્થ—હું કરીશ, કરીશ, એવી ચિન્તાથી ભરપુર એવો મરીશ મરીશ એમ થતો છેવટે ભુલાઇ ગયો.

માટે વ્રજ ગોપીકાઓ तदर्पिताखिलाचारा. यथाव्रज गोपीकानां જેવી રીતે પોતાનું સર્વસ્વ પ્રભુ પ્રીત્યર્થે કરતી હતી તેમ તમે પણ કરો એક વ્રજ ગોપીકા કે જેને તેના પતિએ ઘરમાં પુરી તાળું માર્યું તે તો બધી ગોપીકાઓ કરતાં પૂરાયેલી છતાં કૃષ્ણ પાસે વહેલી પહોંચી ગઇ. આમ શાથી બન્યું તેનું કારણ એજ કે કૃષ્ણ વિરહે કદાચ પોતાનો દેહ છૂટી જાય તો પણ મર્યા પછી મૃત દેહ પણ કૃષ્ણપ્રીત્યર્થે વપરાય એવું એણે વીલ કર્યું હતું અને એવો ઉત્તમ પ્રેમ શ્રી કૃષ્ણમાં હોવાને લીધે જ તે અન્ય શરીરે ત્યાં પહોંચી શકી હતી આ રહ્યું તેનું વીલ.

पञ्चत्वं तनुरेतु भूत निवहाः स्वांशे विशंतु स्फुटम् ।
धातारं प्रणिपत्यऽनंत शिरसा कर्तारं याचे वरं ॥
तद्वापीसु पय स्तदीय मुकुरे ज्योतिः त[illegible]यांगणे ।
व्योम्निव्योमः तदीय वर्त्मनिधरा तत्ताल वृन्तेऽनलः ॥

અર્થ:–ભલે શરીર નાશ પામે અને પંચભૂતો સ્થૂલભૂતોમાં લીન થઇ જાય પણ પ્રભુ મારી વન્દન પૂર્વક એ જ માગણી છે કે મારા શરીરનું જળ તત્વ તે કૃષ્ણની સ્નાન ભૂમી બનેલ વાવના જળમાં મળે, મારૂં તેજ તત્વ કૃષ્ણના દર્પણમાં, આકાશતત્વ તેના આંગણાના આકાશતત્વમાં મળે. પૃથ્વી તત્ત્વ કૃષ્ણના હરવા ફરવાના માર્ગ સાથે મળે અને વાયુતત્વ કૃષ્ણના વીંજણાની આસપાસ રહે આ રીતે મારા શરીરનાં પાંચે તત્વો પણ હમેશ કૃષ્ણનાજ ઉપયોગમાં આવે.

આવો ઉચ્ચ ભાવ જે ધરાવે તેજ કૃષ્ણને સૌથી પ્રથમ મળી શકે.

निगमतरो प्रतिशाखं मृगितं मिलितं न तत्परंब्रह्म ।
मिलितं मिलतमिदानीं गोप विधूटी पटाञ्चले नद्धम् ॥

અર્થ—વેદની પ્રત્યેક શાખા શોધવા છતાં પરબ્રહ્મ શ્રી કૃષ્ણ ન મળ્યા પણ હાલ તે ગોપીકાઓના (યશોદાના) વસ્ત્રથી બંધાએલા મળ્યા.

માટે કૃષ્ણ મધુર ભાવથીજ મળે છે.

બીજું દૃષ્ટાંત અહલ્યાનું છે શ્રી રામચંદ્રના પાદસ્પર્શથી શલ્યા રૂપમાંથી અહલ્યા રૂપને પામ્યા પછી. અહલ્યા શ્રી રામને વિનવે છે.

भूमौ धत्वा पदमिह समादेहि चैलांचलेऽस्मिन् ।
यावाऽप्राप्य त्रिजगति रजः पादपद्मद्वयस्य ॥
योषादोषास्पदमनुदिनं नित्य रोषस्तपस्वी ।
यस्य स्पर्शाद्रघुवर पुनर्नेदशीस्यां कदापि ॥

અર્થ—હે રઘુવર જમીનપર મૂકી તે આપના ચરણ મારા લુગડા પર મૂકો કારણ હે નાથ ત્રણે જગમાં ન મળે તેવી આપના ચરણ કમળની રજ લઉં કે જેના પ્રભાવથી ફરીથી આ દશાને હું પામું નહી કારણ અમે સ્ત્રીઓ હમેશ દોષ પાત્ર છીએજ અને તપસ્વી (મારા સ્વામી) હંમેશાં ઉગ્ર છે.

હવે આર્તો જીજ્ઞાસુ, અર્થાર્થી ને જ્ઞાની એવા ચાર પ્રકારના ભક્તો વિષે વિચાર કરીએ.

આર્ત ભક્તિ પાંચાલી દ્રૌપદીની ગણાય. ભરસભામાં જે વખતે દુઃશાસન તેની લાજ લેવા ઉભો થાય છે. ત્યારે તે રક્ષણ માટે પોતાની પતિ તરફ જુએ છે. પરંતુ કંઇ વળતું નથી. પછી પોતાના સસરા, સાસુ ગાંધારી તરફ રક્ષણ માટે નજર કરે છે પરંતુ તેમનું પણ કંઇ ચાલતું નથી. પછી, ભિષ્મ આદિ વડીલો અને છેવટે સર્વે સભાજનો તરફ આતુર નયને રક્ષણ મળે, એમ જુએ છે પણ ત્યાંથી પણ નિરાશાજ મળે છે. છેવટે દ્રૌપદી કહે છે.

काले हि चास्मिन् न पिता न बंधु
नभ्रातरो नैव सुता न माता ॥
न सत्सहाया सुहृद्दो न मित्रं ॥
तत्रैव विष्णोभव मे शरण्यः ।

અર્થ—આ સમસે બાપ, ભાઇ, ભાંડુ, પુત્ર કે મા, મિત્ર કે સતસહાયીઓ કોઇ પણ મને રક્ષણ આપી શકે તેમ નથી માટે હે દેવ ! તમેજ મારો આધાર હો.

अग्रे कुरुणामथ पाण्डवानां दुःशासनेन हृत वस्त्रकेशा ।
संचित्यनामानि तदा गृण्हाति गोविंद दामोदर माधवेति॥

અર્થ—કૌરવો અને પાણ્ડવોની સમક્ષ દુઃશાસન વસ્ત્રને કેશ તાણવા લાગ્યો ત્યારે દ્રોપદી વિચારપૂર્વક ગોવિંદ, દામોદર, માધવ એ પ્રમાણે નામ પોકારવા લાગી.

दुःखावेर्णहं हि हरे निमग्ना त्वन्नामतोन्यो नहि नावको मे ।
एवं स भक्ति परा वंदति गोविंद दामोदर माधवेति ॥

અર્થ—હે હરિ ! હું દુઃખસાગરમાં ડુબીછું ને તમારા નામ સીવાય મારે બીજો નાવિક નથી, એ પ્રમાણે ભકિતપૂર્વક "હે ગોવિન્દ હે દામોદર હે માધવ" એમ પોકારવા લાગી.

विधीयते यद्यदुनंदनेन नापेक्षते यत्र सहायशक्तिः ।
पांचाल बालांचल दीर्घताया न तत्र तन्तु र्नच तन्तुवायः ॥

અર્થ—જ્યાં કૃષ્ણ કામ કરે છે ત્યાં બીજી સહાયની જરૂર નથી, દ્રૌપદીના વસ્ત્રની લંબાઇમાં ત્યાં તાતણાઓ કે તેમના વણનાર કોઇ ન હતું.

આ પ્રમાણે આર્ત એટલે દીન અને દુઃખી એવી દ્રૌપદીએ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું અને પ્રભુએ તેનાં ચીર પૂર્યાં એવીજ રીતે ગજે પણ મગરથી પકડાતાં ડૂબતાં ડૂબતાં છેવટ સુંઢ બાકી રહી ત્યારે

સૂંઢથી કમળ તોડી પ્રભુ સામે ધર્યું અને આર્ત થઇને પ્રાર્થના કરી કે હે પ્રભુ તારા શીવાય બચાવનાર કોઇ નથી. પ્રભુ સત્વર તેની વ્હારે ધાયા અને ગજને છોડાવ્યો.

જીજ્ઞાસુ ભકિત નામદેવની માત્ર જ્ઞાન મેળવવાનો દઢ સંકલ્પ, કરી, અને તે માટે સર્વસ્વ ત્યાગ કરી જ્ઞાન મેળવ્યું.

અર્થાર્થિ ભક્ત કોણ સુગ્રીવ તેણે વાલીનું રાજ્ય, લેવાની ઇચ્છાથી પ્રભુની ભકિત કરીને તેથી રાજ્ય તેને મળ્યું.

જ્ઞાની ભકત કોણ રાજા જનક. જેને અષ્ટાવક્રે જમીનપરથી ઘોડા ઉપર ચઢતાં ચઢતાં જ્ઞાન કરાવ્યું જેને થોડીજવારમાં જ્ઞાન થયું તે ભકત જ્ઞાની, શુકદેવજી.

હવે ભકિત વૃષભના ત્રણ પાદ તે શું

पद्यते गम्यते अनने ईति पादाः ॥

પ્રેમની બે અવસ્થાઓ છે. ઉત્કૃષ્ટ પ્રેમ અને નિકૃષ્ટ પ્રેમ ખરી રીતે પ્રેમના ત્રણ વિભાગ છે.

(૧) વૈધ એટલે વિધિ (હુકમ)થી પ્રેરિત પ્રેમ જેમકે માતાપિતા કે ગુરૂ આજ્ઞાથી ઇશ્વરનું ભજન પૂજન કે તે તરફ પ્રેમ થાય તે વૈધપ્રેમ.

૨ સ્વભાવિક પ્રેમ જેમકે ચાતકનો મેઘબિંધુ જોડે ચકોરનો ચંદ્રમા જોડે પતંગીયાનો દીવા સાથે વિગેરે વિગેરે આ સ્વાભાવિક પ્રેમ કહેવાય.

૩ આત્મ પ્રેમ આ સર્વ જગતને પ્રભુમય દેખવું, પોતાનું સ્વરૂપ દેખવું તે આત્મ પ્રેમ બાળક પિતાની આજ્ઞાથી પહેલાં ભણે છે, આનું નામ વૈધ પ્રેમ પછી તેમાંથી સ્વાભાવિક પ્રેમ પ્રગટે છે ઘેરથી આજ્ઞા ન હોય, ખર્ચ પણ ન મળતું હોય, તે છતાં પણ ભણે તે સ્વાભાવિક પ્રેમ પછી વિદ્યા સાથે એક જીવ થઇ જાય તે આત્મ પ્રેમ.

સ્વાભાવિક પ્રેમને લઇને પતંગ પોતાની આહુતિ દીપમાં આપે છે તેમ આપણે આપણા પોતાના સર્વસ્વની આહુતિ પ્રભુને સારૂ આપીએ તો આપણો પ્રભુમાં સ્વાભાવિક પ્રેમ થયો ગણાય સ્વભાવથી જ પ્રભુ પર પ્રેમ છે પ્રયત્નથી નથી એમ દેખાય. આ સમર્પણ કેવી રીતે થાય. સીંધ હૈદ્રાબાદમાં દિવાન ચંદુલાલને ત્યાં પ્રિતમદાસ કરીને એક મહાત્મા વિચરતા વિચરતા ગયા, આ મહાત્મા ઉપર દિવાનનો પ્રેમ હતો. દિવાને નવલાખ રૂપીયા ભેટ ધર્યા મહાત્માએ સ્વીકારવા ના પાડી આખરે દિવાને એટલું માગી લીધું કે મહારાજ સાધુસંતો માટે એક બેઠક (ચબુતરો) બનાવી આપવાની મારી ઇચ્છા છે આપ સ્વીકાર કરો તો હું બનાવું મહાત્માએ હા પાડી દિવાને ચબુતરો બનાવ્યો અને તેમાં નવલાખરૂપીયા ભરી તે પર મહાત્માની બેઠક બનાવી પછી તે ચબુતરો મહાત્માને અર્પણ કર્યો મહાત્માએ તે સ્વીકાર્યો તે પછી દિવાને કહ્યું કે મહારાજ આ ચબુતરામાં નવલાખ રૂપીઆ છે. તે પણ ચબુતરાની સાથે સ્વીકૃત થઇ ગયા દિવાને આ પ્રમાણે પોતાનો મહાત્માને ભેટ આપવાનો સ્વાભાવિક પ્રેમ વ્યક્ત કર્યો.

આવો સ્વાભાવિક પ્રેમ શાથી ઉત્પન્ન થાય ખરી નિષ્ઠાથી સેવા કરીએ તો આપણે તેને વશ કરી શકીએ છીએ તો પ્રભુ પાદ સેવાથી આપણે પ્રભુને કેમ વશ ન કરી શકીએ. પ્રભુપાદ સેવનનો મહિમા અગાધ છે પ્રભુને વશ કરવાનો ઉપાય હે પ્રભુ હું આપનો છું એવા ભાવ કરવો તે છે.

यत्पाद सेवाऽभिरुचि स्तपस्विनां ॥
अशेष जन्मोचितं मलं धियः ॥
सद्य क्षिणोत्यनुह मेधति सति ।
यथा पदांगोष्ठ विनिसृतो सरित् ॥

જેના પગની સેવા તપસ્વીઓની અભિરૂચી છે અને તે પગના અંગુઠામાંથી નીકળતી નદીની માફક અનેક જન્મથી એકઠા થએલા બુદ્ધિના મેલને સંપૂર્ણ રીતે એકદમ ઘટાડે છે તેજ પ્રભુપાદ સેવા ગંગાજીની માફક તારે છે ગંગાજીએ, ખાનખાનાન પાછળથી રહિમ કે જે યવનછતાં પ્રભુભકત હતો તેને પણ ગંગાજીએ તાર્યો હતો તેણે પ્રાર્થના કરિ હતી કે.

सुरधुनि मुनि कन्ये पावनी पावनानां ।
स तरति निज पुण्यैस्तत्र किं ते महत्वं ॥
यदिहि यवन जातिं तारयेत्पापिनं माम् ।
तर्हिहि तन्महत्वं तन्महत्वं महत्वं ॥

અર્થ—હે સુરધુનિ મુનિકન્યા, સત્ચરિતોને પાવન કરે છે પણ તે તો પોતાના પુણ્યથી તરે છે તેમાં તારૂં મહત્વ શું ? પણ મને પાપી યવનને જો તું તારે તો તે તારૂં મહત્વ, તેજ તારૂં મહત્વ.

સ્વાભાવિક પ્રેમ પ્રભુમાં થવા સારૂ અનન્ય ભાવ જોઇએ.

દૃષ્ટાંત એક રાજાએ બીજા રાજાપર ચઢાઇ કરી તેને જીતી લીધો. તેની ખુશાલીમાં એ રાજાની રાણીઓએ પોતાના દેશમાંથી પત્રો પાઠવી પોતાને પસંદગીની દરેક ચીજો મંગાવી કોઇએ ઘરેણું કોઇએ નવિનતા કોઇએ સુંદર વસ્ત્રાલંકાર વિગેરે મંગાવ્યું પટ્ટરાણી હતી તેણે પોતાના પત્રમાં એકાંત મંગાવ્યું રાજા વિચારમાં પડ્યો પ્રધાનની સલાહ લીધી, પ્રધાને સમજાવ્યું કે આ આપની એકજ રાણી છે કે જેને આપ શિવાય બીજી કશી ચીજ વધુ વહાલી નથી અર્થાત્ તેનો આપમાં અનન્ય પ્રેમ છે. રાજા દેશ ગયા ત્યારે દરેક રાણી માટે મંગાવેલી ચીજો લઇ ગયા પરંતુ જતાંની સાથે પટ્ટરાણીને મહેલેજ પોતે તો ગયા.

આ એક રૂપક છે. આમાં રાજા—પ્રભુસ્થાને રાણીઓ—જીવ સ્થાને ચીજો માગવી—ધન પુત્રાદિની ઇચ્છાઓ કરવી તે

આમાં જે જીવ પ્રભુને માગે તેનેજ પ્રભુ મળે અર્થાત્ જે પ્રભુમાં અનન્ય ભાવ કરે તેનેજ પ્રભુ મળે.

આવું જ બીજું દ્રષ્ટાંત રહીમનું છે તે કહે છે.

જબ રહીમ તન મન દીયો, કિયો હિયે મેં ભૌન
તાસેં સુખ દુઃખ કહનકી રહિબાત અબ કોન.

આવો એકભાવ હોય ત્યારેજ પ્રભુમાં સ્વાભાવિક પ્રેમ ઉપજે.

આવુંજ ત્રીજું દ્રષ્ટાંત સદના કસાઇનું છે.

આ કસાઇ માંસ વેચવાનો ધંધો કરતો હતો. પરંતુ પ્રભુ પ્રેમમાં રંગાઇને તેણે તે છોડી દીધું. તે યાત્રાએ નિકળ્યો હતો. પોતે બહૂજ સુંદર દેખાવનો હોઇ કોઇ દુશ્ચરિતા સ્ત્રીએ તેને પોતાને ત્યાં એક દિવસ રોકયો, રાત્રે તે સ્ત્રીએ પોતાની દુષ્ટ વાસના પૂર્તિમાં અડચણ રૂપ પોતાના પતિનો ખડગથી ઘાત કરી. પોતાની ખરાબ વાસના સદના આગળ વ્યક્ત કરી સદને તેને અનેક પ્રકાર સમજાવી અને આ અધમ પંથે જતી અટકવા કહ્યું ત્યારે તેણે સદનાને ધમકાવવા માડયો ને કહ્યું કે. તને બે ઇજ્જત કરાશ તેમજ મારા પતિને તંજ માર્યો છે. એવું આળ ચઢાવીશ, અને ખરેખર તે સ્ત્રીએ તેમજ કર્યું કેસ ચાલ્યો સદનાને દેહાંત દંડની શીક્ષા થઇ તે નગરમાં એક કિલ્લો ચણાતો હતો. સદનાને આજ કિલ્લામાં જીવતો ચણવો એમ નક્કી થયું. સદનાએ જેમ જેમ ચણતર પોતાની આસપાસ થવા લાગ્યું તેમ હે પ્રભુ મને મારા પ્રાણના પરવા નથી. પરંતુ તારૂં નામ વગોવાશે. હે પ્રભુ તારા દરબારમાં આવો અન્યાય કેમ ? તરત જવાબ મળ્યો તેં ઘણાં ગળાં કાપ્યાં છે તેનું તને બહૂજ બૂરૂં ફળ મળવું જોઇએ

પણ આટલેથી જ તારાં પાપોનો નાશ થાય છે. જ્યારે મને બચાવો એવો અહંભાવ હતો ત્યાં સુધી પ્રભુએ બચાવ્યો નહતો, પરંતુ જ્યારે હે પ્રભુ હું તારો જ છું મને હવે કશી સંસારની બીક નથી. ભલે દેહાંત થાય ત્યારે તેને પ્રભુએ બચાવ્યો ને આજુબાજુનું બધું ચણતર પોતાની મેળે જ પડી ગયું. માણસ જ્યારે સન્યસ્ત લે છે ત્યારે પણ પોતાનું સર્વસ્વ ત્યજે છે.

अभयं सर्व भूतेभ्यः स्वाहा।
अयं निज परो वेति गणना लघुचेतसां।
उदार चरितानां तु वसुधैवकुटुम्बकं॥

અર્થ સર્વ પ્રાણીઓને અભય હો આ મારો ને આ પારકો તે તો હલકા મનવાળાની સ્થિતિ છે. ઉદાર ચરિતવાળા માણસોને તો આખું વિશ્વ કુટુમ્બ છે.

આ પ્રમાણે વર્તનથી સમયાંતરે તે અનન્ય ભાવને પામીને પોતાનું કલ્યાણ સાધે છે. આ પ્રમાણે જે સર્વસ્વ પ્રભુ અર્થે ત્યાગે તેને અવશ્ય પ્રભુ મળે. સંન્યાસીને બીજી વર્ણો પાસેથી રહેવાનું ખાવાનું વિગેરે મેળવવાનો અધિકાર તેના સર્વસ્વ ત્યાગને લઈને જ હોય છે. શીકારપુરના એક શેઠ હતા તેમણે ૧ લાખ રૂપીઆ દાન ખાતે જુદા કાઢયા હતા, સમય જતાં તેમની પડતી આવી પરંતુ પડતીના વખતમાં પણ તેમણે જુદા કાઢેલા ૧ લાખમાંથી પાછું લેવાનું પસંદ ન કર્યું ને હેરાનગતિ તથા ભુખમરો સહન કરવાનું પસંદ કર્યું આનું નામ ખરો ત્યાગ. માટે પ્રભુ માટે ખરો ત્યાગ જ કામ લાગે છે.

કૃષ્ણ મથુરા ગયા. ત્યારે ગોપ ગોપીકાઓએ કૃષ્ણને તન, મન ધન અર્પણ કર્યું હતું. મનમાં પુષ્કળ કૃષ્ણ સ્મરણ રહેતું હતું.

भक्ति प्रीति प्रणय सहितं मानदम्भाद्युपेतं ।
चेतोऽस्माकं गुणवद्ग्रहणं गोदुहामंगमेतत् ॥
विक्रीतं ते युगपदुभयं स्वीकृतं तत्त्वयाद्य ।
हृद्गृह्णासि त्यजसि च वपुर्नाथकोऽयं विचारः ॥

અમે શરીરને મન બન્ને સાથે વેચ્યાં છે. મન આપ સારૂં જાણી લઇ ગયા અને શરીર રહેવા દીધું તો આપનો શો વિચાર છે.

અમારૂં ચિત્ત માનનેદમ્ભ રહિત ભક્તિ પ્રીતિ ને પ્રણય સાથેનું ગુણવાન છે તેને ગૃહણ કરો છો. પણ અમો ગોવાળોનું શરીર અગુણ જાણીને તજોછો અમે આપને જે શરીર અને મનને સાથેજ વેચ્યાં છે ને તે તમે સાથે સ્વીકાર્યાં છે હવે હૃદય (મન) ગૃહણ કરો છો ને શરીર છાંડોછો તો હે નાથ આતે શો વિચાર છે?

એક પ્રભુભકતા કન્યાનું લગ્ન થયું તે વ્રત કરતી, ગીતા ભણતિ તેનો પતિ મૂગો રહેતો તેની ઉંઘમાં એક દિવસ રામ શબ્દ નીકળ્યો. ત્યારેજ તે કન્યાને ખબર પડી કે અહો મારા પતિ પણ પ્રભુભકત છે તો ખરા, અને મારાથી પણ બહૂજ આગળ વધેલા છે કારણ કે તેમને તો સ્વપ્નમાં પણ હરિ નામ સ્મરણ રહે છે. તે કન્યાએ પોતાના મનમાં પતિ વિષે જે ખોટો ભાવ પહેલાં હતો તે માટે માફી માગી કારણ પૂછતાં કહ્યું કે સ્વપ્નમાં પણ આપના મુખમાંથી રામ નામ નીકળ્યું. તેના પતિએ કહ્યું કે હે રામ નીકળી ગયા તો હવે આ શરીર શા કામનું છું એટલું બોલતામાંજ તેનો દહોત્સર્ગ થયો. આનું નામ અનન્યભાવ અને આવા અનન્ય ભાવથી જ સ્વાભાવાવિક પ્રેમ પ્રભુમાં બની રહે.

દ્વારિકામાં મહોત્સવ હતો બધાંને નિમંત્રણ હતું. રાધાની કોઇએ મજાક કરી કે તેને આમંત્રણ કેમ નહિ? રાધાને તરતજ મૂર્ચ્છા થઇ મૂર્ચ્છા વળતાં પૂછ્યું કે કેમ મૂર્ચ્છા થઇ તો કહે કે મારો ને કૃષ્ણનો ભેદ ભાવ છે. એમ સાંભળતાંજ મને મૂર્ચ્છા આવી હું ને કૃષ્ણ તો એકજ છીએ એટલે આમંત્રણની શી જરૂર પોતાને તે વળી આમંત્રણ લખાતાં હશે.

પ્રિતમ ચીઠીયાં કહાં લીખે. જે પીયા હો વિદેશ
તનમેં મનમેં નયનમેં તાંકો કહાં સંદેશ

આવો અનન્ય ભાવ હોય તો પ્રેમ પ્રભુમાં બન્યો રહે.

समाधि निंधूत समस्त कल्मशः।
निवेशितस्यात्म नि यत्सुखं भवेत्॥
न शक्यते वर्णयितुं गीरा तदा।
स्वयं तदंतःकरणेन गृह्यते॥

અર્થ:-સમાધિથી સઘળો મેલ ધોવાએલાને આત્મામાં પ્રવેશ કરેલાનું સુખ વાણીથી કહ્યું જાય તેમ નથી પણ તે તો મનથીજ પારખી શકાય છે.

यं लब्ध्वा चापरं लाभं मन्यतेनाधिकं ततः।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणाऽपि विचाल्यते।
सुखमात्यंतिकं हि तत् बुद्धि ग्राह्यमतिन्द्रियम्।
वेत्ति यत्र, न चैवायं स्थितश्चलतितत्वतः॥

અર્થ:-જેને પામીને બીજા લાભ અધિક માનતો નથી ને જેમાં રહેલો કોઇ પણ મોટા દુઃખથી ડગતો નથી તે છેવટનું સુખ ઇન્દ્રીઓની પેલી પાર બુદ્ધિથી સમજાય તેવું છે. જ્યાં તે જાણે છે ત્યાં સ્થિર થયેલો તત્વથી અલગ થતો નથી.

વ્રજમાં કોઇ ગોપીકા નવા નવી આવી હતી તેણે મોરલીની પ્રશંસા સાંભળી તેણે તે માની નહિ એટલામાં કૃષ્ણ આવ્યા કૃષ્ણને જોતાંજ કૃષ્ણ દર્શનમાં મન મગ્ન થઇ ગયું તેને દીવો સંકોરવાનું કહ્યું પણ તેને કૃષ્ણ દર્શનની ને મોરલીના નાદની એટલી તાલાવેલી લાગેલી કે દીવો સંકોરતાં હાથ બળવા લાગ્યો પણ તેને ભાન રહ્યું નહિ. આવો અનન્ય ભાવ થવો જોઇએ

એક મહાત્મા નામે સદાશીવેન્દ્ર હતા બ્રહ્માનંદમાં મગ્ન રહેતા હતા એક વખત ફરતા ફરતા કોઇ યવન મહેલના જનાનામાં જઇ ચઢયા. તે યવને ક્રોધાવિષ્ટ થઇ તેમના હાથ કાપી લીધા પરંતુ તે તો હસતા જ હતા દુ:ખનો એક પણ વિકાર તેમના ચહેરા પર ન હતો એક વખત બ્રહ્માનંદમાં મગ્ન થઇ બેઠા હતા. કેટલાય કાળ સુધી બેઠા રહ્યા આજુબાજુ માટી જામતી ગઇ ને કાળાંતરે દટાઇ ગયા, કોઇ કાળે કોઇ માટી ખોદનારના શસ્ત્રાઘાતથી સમાધિ ભંગ થયા આવો આત્મ પ્રેમ થાય તો અવશ્ય કલ્યાણ થાય.

જગદ્દગુરૂ શ્રીચંદ્રમહારાજ પેશાવરમાં હતા ત્યારે ભાનારામ નામના માણસના પિતા તેમની પાસે દીક્ષા લેવા ચાહતા હતા ભાનારામના મનમાં પિતૃસેવા ન કરવાના ઇરાદાથી પોતે પિતાને સાધુ થવા દીધા એવી લોકનિન્દાનો ડર હતો આથી પોતે પહેલાજ શ્રીચંદ્રમહારાજ પાસે ગયા. અને પોતાના પિતાને દિક્ષા ન આપવા વિનવ્યા. શ્રીમહારાજે કહ્યું સારૂં. પછી તેમના પિતાશ્રી ચંદ્રમહારાજ પાસે ગયા. ને સાધુ દીક્ષા આપવા કહ્યું શ્રી ચંદ્રમહારાજે કહ્યું ભાઇ શહેરમાં જઇ જોઇ આવો પછી સાધુ થવા આવજો શહેરમાં જઈ જુએ છે તો એક બ્રહ્મનિષ્ઠ મહાત્માને કંઇ નજીવા કારણસર લોકો ખૂબ મારતા હતા. પરંતુ મહાત્માના મુખપર જરાપણ દુ:ખ કે ક્રોધ, દેખાતો ન હતો આવી સ્થિતિમાં

રહેવું વિષમ લાગવાથી ભાનારામના પિતાએ સાધુ થવાનું માંડી વાળ્યું બ્રહ્માનિષ્ઠા માટે ગીતામાં ભગવાને કહ્યું છે. આનું નામ ખરો આત્માપ્રેમ.

सं · णंजगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमाः ।
गांगं वारि समस्तवारिनिवहाः पुन्या समस्ताक्रियाः ॥
वाचः प्राकृत संस्कृत श्रुति गिरो वाराणसी मेदिनी ।
सर्वा वस्थति रस्थ वस्तु विषया दृष्टे परे ब्रह्मणि ॥

અર્થ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થતાં સમસ્ત જગત્ નન્દનવન બને છે, દરેકવૃક્ષ કલ્પવૃક્ષ, પ્રત્યેક પાણી ગંગાજળ, સર્વે ક્રિયાઓ પવિત્ર અને પ્રાકૃત યા સંસ્કૃત વાણી વેદવાકય, પૃથ્વીનો દરેક ભાગ કાશી બને છે. સર્વ વસ્તુઓ પ્રત્યે આવીજ ભાવના બને છે.

અન્યત્ર પણ બ્રહ્મનિષ્ઠા (આત્મપ્રેમની) સ્થિતિનું વર્ણન નીચે મુજબ છે ઉપર પ્રમાણે તેની વસ્તુ વિષયક સ્થિતિ થાય છે.

આવા આત્મપ્રેમ શિવાય મોક્ષ નથી. માટે વૈધપ્રેમ સ્વાભાવિક પ્રેમ અને આત્મપ્રેમ એ ભક્તિ વૃષભના ત્રણ પાદ છે.

હવે ભક્તિ વૃષભના બે શીર તે કયાં ૧ અહંતાત્યાગ ૨ મમતાત્યાગ બીજા શબ્દોમાં કહીએ તો तदात्म्याध्यास અને સંસર્गाध्यास

હવે પ્રથમ અહંતા અથવા तदात्म्याध्यास લઇએ લોઢામાં દાહક શક્તિ નથી પરંતુ ગરમ કરેલું લોઢું જરૂર દઝાડે છે ત્યારે આપણે કહીએ છીએ કે આ લોઢું દઝાડે છે (अयोदहति) જ્યારે ખરી રીતે દઝાડનાર લોઢામાં રહેલો અગ્નિ છે. એટલે અગ્નિનો લોઢા સાથે तदात्म्य (એકજીવ) થવાથી અગ્નિનો (ધર્મ) ગુણદોષ લોઢામાં આવ્યો તેવીજ રીતે શરીરના ધર્મો જન્મ ને મરણ, પ્રાણના ધર્મો ભુખ ને તરસ, અંતઃકરણના ધર્મો રાગને દ્વેષ, પરંતુ આ બધાંની સાથે આત્માનો સંબંધ થવાથી આ બધાના ધર્મો આત્મામાં દેખાય છે,

અને ખરેખર આપણે કહીએ છીએ કે હું ભુખ્યો છું, હું ખુશી છું હું મરવાનો છું. જ્યારે આ બધા ધર્મો સાથે હું આત્માને કશું લાગતું વળગતું નથી. પણ એક બીજાના તાદાત્મ્યને લઇને એકના ધર્મો બીજામાં દેખાય છે.

હવે મમતા અથવા સંસર્ગાધ્યાસ લઇએ બે કાગળો જુદા હોય તેને ગુંદરથી સાંધીએ અને પછી એકને ખેંચીએ તો બીજો તેની પાછળજ ખેંચાતો આવશે આમ શાથી થયું એક બીજાના સંસર્ગે (સહવાસથી) તેવીજ રીતે પુત્ર સ્ત્રી ઘરબાર, ધનવૈભવ બધું પારબ્ધાનુસાર આવી મળે છે અને તે આવી મળતાં તેમાં હું આમનો માલિક છું એવા જે ભાવ થાય છે તે સંસર્ગાધ્યાસ અથવા મમતા છે આ મોહ રજ્જુનાં જ બંધન છે. આનું નામજ મમત્વ છે.

વરકન્યા જ્યાંસુધી પરણ્યાં નથી હોતાં ત્યાંસુધી એકબીજાના સુખદુ:ખનાં ભાગીદાર લગારે હોતાં નથી. પણ પરણ્યા પછી બેમાંથી એક જો મરી જાય તો બીજાને આઘાત પહોંચે છે. ક્ષોભ થાય છે. આ ક્ષોભ થવાનું કારણ શું વિવાહના બંધનથી થએલી. મમતા.

बन्धनानि खलु सन्ति बहुनि।
प्रेम रज्जुकृत बन्धनमन्यत्॥
दारुभेदन निपुणोऽपि षडंगि।
निष्क्रिय भवति पंकज कोषे॥

અર્થ—બંધનો ઘણાંય છે. પણ પ્રેમનું તે તો જુદુજ છે. લાકડું કોરનાર ભ્રમર કમળના પુલમાં બળહીન બને છે.

દુધમાં પાણી નાંખી અગ્નિપર મૂકો તો પાણી પોતે ભલે બળી જાય પણ દૂધને નહિ બળવા દે. ભમરો વાંસ તેમજ મોટાં

લાકડાંને પણ છેદ પાડવા સમર્થ છે. પરંતુ એક નાની કમળની પાંખડીને છેદ પાડી શકતો નથી શાથી પ્રેમના બંધનથી.

એક વખત જસોદા માતા શ્રીકૃષ્ણને દોરડા (નેતરા) થી બાંધતાં હતાં પણ બે આંગળ દોરડું ખૂટયું. બીજું લાવ્યાં એને સાંધ્યાંને પછી બાંધવા માંડયાં તો પણ બે આંગળ ખૂટયું. એમ ત્રીજું ચોથું અનેક દોરડાં લાવ્યાં પણ બે આંગળ જ ખૂટે આનું કારણ એટલુંજ હતું કે જસોદાજીમાં આ મારો પુત્ર છે. હું આની માતા છું. આવા અહંતા મમતાના ભાવ હોવાથી કૃષ્ણ બંધાતા નથી. જે વારે જસોદાજી બાંધતાં થાકયાં ત્યારે તેમને ભાન થયું કે આ તો સાધારણ બાળક ન હોય. પણ આતો સાક્ષાત્ બ્રહ્મ અવતાર રૂપે છે. એવું ભાન થતાંજ અહંતા મમતા ટળી ગયાં ને કૃષ્ણ બંધાયા. ભાવ એવો છે કે અહંતા મમતા ટાળ્યા વગર ભગવાન મળતા નથી. જ્યાંસુધી અહંતા મમતારૂપી બે આંગળની ત્રુટી પ્રેમમાં રહે ત્યાંસુધી ભગવાન પ્રેમવશ થાય નહિ. પરંતુ તે દૂર થાય ત્યારેજ પ્રભુ પ્રેમ વશ થાય. આવા ભાવનો બીજો દાખલો નીચેના શ્લોકમાં છે.

कृष्णेनाम्ब गतेन रन्तुमधुना मृद्भक्षिता स्वेच्छया ।
सत्यं कृष्ण ! कपवमाहुः मुशली मिथ्याम्ब पश्याननम् ॥
व्यादेहिति विकासितेऽथ वदने दृष्ट्वा समस्तं जगत् ।
माता यस्य जगाम विस्मय रसं पायात्स वः केशवः ॥

અર્થ–હે માતાજી ! રમવા ગએલા કૃષ્ણજીએ મરજી પ્રમાણે માટી ખાધી છે. હે કૃષ્ણ સાચી વાત છે ? એવું કોણ કહે છે ? બળરામ કહે છે. હે મા ખોટી વાત વારૂ ? મોં જોઇલો. ખોલ જો ? પહોળા કરેલા મુખમાં આખુંય જગત્ નીહાળી, જેની મા અત્યંત અચંબો પામી તે કેશવ તમારૂં રક્ષણ કરો.

અહંતા ને મમતા ત્યાગ એજ ભક્તિ વૃષભનાં શીર છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને તેજ બતાવ્યાં છે. त्यक्त्वा कर्मफलासंगं नित्य तृप्तो निराश्रयः

અર્થ—અહંતા ને મમતાના ખ્યાલ આપતો શ્રી કૃષ્ણને સુદામાનો સંવાદ નીચે મુજબ છે. સુદામા અને શ્રીકૃષ્ણ એક વાર વૃંદાવનમાં પકડાપકડી રમતા હતા. કૃષ્ણ સુદામાને ચપેટાઘાત (હાથનો ધક્કો) મારીને સુદામા પકડવા આવ્યા ત્યારે પાછા હઠાવતા હતા તે પરથી સુદામા કહે છે.

यतस्व श्रीकृष्ण स्वद्दिशि पतितानां घृतिविधौ।
त्वमंगः क्रीडायां विगुण दिशियानं परिहर॥
गलग्राही त्याज्य स्तव च परिहार्यो करधरो।
बली वा क्षीणो वा न परिहरणीयो धृतपदः॥

અર્થ—હે કૃષ્ણ તમારી તરફ આવનારને પોતા તરફ લેવાનો યત્ન કરો પરંતુ રમતની પેઠે બીજી દીશામાં જવાનું છોડીદો. તમારા સામે થનારને ભલે તજીદો તમારા હાથ પકડનારને પણ ભલે તમે છોડી દો. પરંતુ બળવાન કે દુર્બળને તમારા પગ પકડે તેતો તરછોડવા યોગ્ય નથીજ.

शंका चेयं भवति विपुला बाधका ते सुदामन्।
धार्यापादाः कथमपि न मे केनचिद्वा कदापि॥
धर्तुः कश्चित्त्वमभिलषति चेत् पादयुग्मं मदीयं।
स्वीयक्रोडे तमीह कुरुते मुक्तिमाता तदानिं॥

અર્થ:—હે સુદામા! આવી મોટી અને બાધક શંકા તને કેમ થાય છે. કારણકે કોઇએ, કયારે પણ, કોઇપણ રીતે, મારા પગ પકડયા નથી. કોઇ મારા પગ પકડવાની ઇચ્છા કરે તે પહેલાં તો તેને મુક્તિમાતા પોતાના ખોળામાં લે છે.

सत्यं सत्यं भवतु भवतो भाषितं भक्ति लभ्यः।
सा नास्माकं भवतु जननी मुक्तिमाता विमाता॥
भक्त्या मातुर्हरिचरणदाद् गर्जनाद्भीत भीता।
वृंदारण्ये विचरण विधौ साऽसमर्था सदैव॥

અર્થ:-તમે ભક્તિથી પ્રાપ્ત થાઓ છો તે સત્ય છે પરન્તુ મુક્તિ તો અમારી ઓરમાન મા છે ને તે અમારી સાચી મા ભક્તિની પ્રભુ ચરણ અપાવનારી ગર્જનાથી બ્હીને હમેશ સારૂ વૃન્દાવનમાં ફરવા અશક્ત છે.

હવે ભક્તિ વૃષભના सप्त हस्ता સાત હાથ તે સાહિત્યમાં આવતા સાત રસો છે. આ રસો ને જો પ્રભુ તરફ વાળીયે તો ભક્તિ દ્વારા મુક્તિ અપાવે અને જો સંસાર તરફ વાળીયે તો ઉલટા વધારે બંધનમાં જકડે.

આ સાતે રસો જો આપણે સંસાર તરફ વાળીએ તો આપણને બંધનનું કારણ થઇ પડે. પરંતુ તેમને પ્રભુ તરફ વાળીએ તો તે ઉદ્ધારનું કારણ થઇ પડે.

કરૂણ રસ:-આપણી કંઇ ચીજ ખોવાઇ જાય અને તેથી જે શોક થાય તે

રૌદ્ર:-કોઇએ આપણું અનિષ્ટ કર્યું હોય તે સામે આવે ત્યારે તેને જોઇને જે ક્રોધ થાય તે રૌદ્ર રસ.

હાસ્ય:-નવિનતા જોઇને જે ચંચળતાનો ભાવ થાય તે

વીર:-યુદ્ધમાં ઉત્પન્ન થતો ઉત્સાહ તે

ભયાનક:-વિકરાળ દ્રશ્ય જોવાથી પ્રાણ સંકટ ઉપજાવે તેવું દ્રશ્ય જોવાથી જે ભાવ થાય તે

બીભત્સઃ–ગંદો ઉકરડો, શૌચસ્થાન અથવા કહોવાતું મુડદું જોઇ ગ્લાનિ થાય તે

અદ્દભુતઃ–કદી ન જોયેલું જોવાથી જે ભાવ થાય તે અદ્દભુત રસ

હવે થોડો રસ વિષે વિચાર કરીએ.

જલ—કુવામાં હોય તેતો કુવાનું કહેવાય.
,,—નદીમાં ,, ,, નદીનું ,,
,,—સમુદ્રમાં ,, ,, સમુદ્રનું ,,

બધે જલતો સામાન્યજ છે પરંતુ સ્થાન ભેદથી તેનાં જુદાં નામ પડે છે. તેવી જ રીતે બ્રહ્મતો બધે એકજ છે પરંતુ જુદ જુદા રસોમાં જવાથી તેનું જુદા જુદા રસરૂપે નામ પડયું છે બ્રહ્માનંદ જ્યારે વિષયો સાથે મળેલો હોય ત્યારે તેનું નામ રસ કહેવાય અને જેવો વિષય હોય તેવો રસ થાય.

ઉપનિષદ્દમાં अह रहः गच्छति पदं न विदु जनाः

દરેક માણસ જ્યારે નિદ્રાવશ થાય છે. ત્યારે તેની બ્રહ્મ સાથે મુલાકાત થાય છે. છતાં આપ તે બ્રહ્મને ઓળખતા નથી. તેની સાથે એકતા પામતા નથી કારણ માયાનું (અજ્ઞાનનું) આવરણ છે. नकिंचिदवेदिषम् સૂર્યના ઉદયથી અસ્ત સુધી કામ કરવું પડે છે અને તે કામ કરતાં કરતાં થાકીને લોટ જેવા થઇ જઇએ છીએ. વધુ કામ કરવું પડે તો કહીયે છીએ કે ભાઇ હવે જોર નથી પરંતુ બીજે દિવસે સવારમાં તો કામ કરવાને તૈયાર હો છો આ શકિત કયાંથી આવી રાત્રીએ આપ શયન કરો છો તે વખતે ગાઢ નિદ્રામાં આપની બ્રહ્મ સાથે મુલાકાત થાય છે. બ્રહ્મા તો બળનો ખજાનો છે. તેની મુલાકાત થવાથી બળ મળે છે.

છાન્દોગ્ય ઉપનિષદ્ सता सौम्य तदा संपन्नो भवति.

એક સુંદર રાજકન્યાને જોઇને કોઇ પુરૂષ તેના પર મુગ્ધ થઇ ગયો પણ રાજકન્યા કેવી રીતે મળે ? ન મળે. રાજાએ જાણ્યું કે આને ઝેર આપી દઇએ તો તેનો કાંટો નીકળી જાય વૈદ્ય પાસે ઝેર લઇ તે માણસની પથારીમાં મૂકાવ્યું પરંતુ તેની પેલા માણસપર કશી અસર ન થઇ તેના હૃદયમાં રાજકુમારીની મૂર્તિ હતી, તેમાં તેનું મન એકાગ્ર હતું તેથી ઝેર અસર ન કરી શક્યું પછી રાજકુમારી તેની સામે લાવ્યા ત્યારે તેને જોવામાં તેનું હૃદય વ્યગ્ર થયું તરત ઝેરની અસર થઇ. આ પ્રમાણે વેર ભાવથી રાવણના હૃદયમાં જ્યાં સુધી શ્રી રામની મૂર્તિ હતી ત્યાં સુધી તેનું મરણ થયું નહોતું પરંતુ જ્યારે શ્રી રામે તેના હૃદયમાં તીર મારી હૃદય વ્યગ્ર કર્યું ત્યારેજ તેનું મરણ થયું આ રીતે પ્રભુમાં વેરભાવ હોય તો પણ તે મુકિત આપે છે.

દરેક રસમાં ચાર ભાવ હોય છે.

વિભાવ અનુભાવ વ્યભિચારીભાવ.ને સ્થાયીભાવ

विभानुभाव संचारि व्यभिचारी स्थायोभावश्च रस संपत्तिः

वि·ाषेण उत्पाद्यते स्थायीभावः येन स विभावः

अनुभवतीति अनुभावः ॥

નિદર્શન

कौशल्यासुत सव्यपाणी निहीतं सद्वंशजं सद्गुणं ।
सीतां्र्णमनोरथां च विदधे भंक्तवा स्वदेहं धनुः ॥
श्रीकृष्णानन्पाणि पल्लवसखा निर्गुण क्लिष्णासिमाम् ।
साके्द्रस्य कुवंशजोसिसुतरां वेणु र्न ते दूषणं ॥

અર્થ:–રામચંદ્રના ડાબા હાથમાં રહેલા સારા વંશથી ઉત્પન્ન થયેલા સદગુણવાળા ધનુષ્યે પોતે નાશ પામીને પણ સીતાજીના મનોરથોને

પૂર્ણ કર્યા કૃષ્ણના મુખ અને હાથમાં રમનારી છિદ્રવાળી કુવંશમાંથી બનેલી ગુણ વીનાની, તું અમોને દુઃખ આપે છે તે તારૂં દુષણ નથી.

આમાં બન્ને પ્રકારનો વિભાવ છે. કૃષ્ણ દર્શન પ્રેમ એ આલંબન વિભાવ. અને મુરલી જોઇ ઉદિપ્ત થતો ભાવ તે ઉદ્દિપન વિભાવ આલંબન અને ઉદીપન ભાવ થયા પછી શરીરમાં જે ફેરફાર થાય તે અનુભાવ દ્રવીભૂત હૃદયમાં ભગવાનનું પ્રતિબિંબ પડે તે અનુભાવ

भक्ति हरौ भगवति प्रवहन्नजस्र ।
मानंद बाष्प कलया मुहुरर्घमानः ॥
विक्रियमान हृदयं पुलकाचेतांग ।
मात्मानमस्मरदसाविति मुक्तलिंगः ॥

અર્થ:-મુકત લીંગને, ભગવાન શ્રી હરિમાં કાયમ ભાકતનો પ્રવાહ વહે છે. હર્ષા આંસુની પ્રાપ્તિથી નમ્રતા વધે છે. હૃદય ફાટું ફાટું બને છે. રોમાંચ થાય છે, ને પોતાના દેહનું પણ ભાન ભુલે છે.

तामा विदन् मय्यीनुसंग बद्धः ।
धिया स्वात्मानमदस्तथेदं ॥
यथा समाधौ मुनयो अब्धि तोये ।
नद्या पविष्टा इव नामरूपे ॥

આ ગોપીઓનો અનુભાવ છે મારા સંગમાં તલ્લીન ભાવનાવાળી ગોપીઓએ તેમની જાતને મારી જ જાત માનીને તેમજ દુરની સસ્તુ નજદીકની માની જેવી રીતે સમાધીમાં મુનીઓ અને નદીઓ સમુદ્રમાં નામ અને રૂપ ખુએ છે તેમ કૃષ્ણમાં લીન થઇ.

નદીઓ સમુદ્રમાં મળે છે ત્યારે પોતાનું નામરૂપ તેમાં ખૂએ છે. તેવીજ રીતે ગોપીઓ પોતે નામરૂપ ખોઇ હું કૃષ્ણ હું કૃષ્ણ હું કૃષ્ણ એમ કૃષ્ણમાં તન્મય થઇ ગઇ.

યોગ વાસિષ્ટનું ઉદાહરણ છે.

नमस्तुभ्यं महेशाय नमोमह्यम् शिवायच ।
नमो देवाधि देवाय नमो शिवाय परमात्मने ॥

હે શંકર તમને નમસ્કાર ! મને, શંકરને નમસ્કાર દેવોના દેવ મને નમસ્કાર પરમાત્મા શિવરૂપને નમસ્કાર

વ્યભીચારી ભાવ; કોઇ પણ રસમાં થતો હર્ષોન્માદ તેનું નામ વ્યભીચારી ભાવ. આ ભાવો દરેક રસમાં જુદા જુદા રહે છે,

સ્થાયી ભાવઃ–છેલ્લો ભાવ છે તે પણ દરેક રસમાં જુદો જુદો રહે છે.

હવે કરૂણા રસનું નિદર્શન લઇએ.

अद्दष्ट दुःखोधर्मात्मा सर्वभूतप्रियंवदः ।
मयि जातो दशरथा त्कथमुञ्छेन वर्तयेत् ॥
यस्य भृत्यांश्च दासांश्च स्वादून्यन्नानि भुञ्जते ।
भोक्ष्यते सकथं राम्मो वने कंदमूलानि च ॥

અર્થઃ–જેણે દુઃખ જોયું નથી ને જે સર્વ પ્રાણીઓ તરફ મધુર ભાષણ કરનાર છે. તે ધર્માત્મા રામ દાણા વીણવાની ઉચ્છ વૃત્તિથી કેવી રીતે જીવન નીભાવશે તે રામ જેના ચાકર નોકરો પણ સ્વાદિષ્ટ અન્નો જમે છે તે રામ વનમાં કંદમૂળ કેમ ખાઇ શકશે.

આમાં આલંબન વિભાવ રામ
ઉદીપન વિભાવ વલ્કલને જટા
અનુભાવ રામ કંદમૂલ કેવી રીતે ખાશે ?
વ્યભીચારી ભાવ અત્યંત ક્ષોભ.

આ ચારેથી સ્થાયી થતો ભાવ તે કરૂણારસ

આમાં અવિનેય—કૌશલ્યા છે.
સભ્ય—સાંભળનાર છે
} કૌશલ્યાને થતો ક્ષોભ સાથે સાથે સાભળનારને પણ થાય છે.

બીજો દાખલો.

तातान्या तात वनं प्रयाहि ।
व्याजेन बाल क्षणमत्र तिष्ठ ॥
पन्थानमावेदयितुं मदीयाः ।
प्राणाः बहिर्भूय पुरस्सरन्तु ॥

અર્થ-પિતાની આજ્ઞાથી વનમાં જતા હે બાળ! (ભોમીયાના) બ્હાનાથી અહી એકક્ષણ ઊભો રહે. તને રસ્તો બતાવવાને સારૂ મારા પ્રાણ તારી આગળ ભલે જાય.

રૌદ્ર રસ.

યુધિષ્ઠિરના नरो वा कुंजरो वा કહેવાથી દ્રોણાચાર્ય હથીઆર મૂકે છે. અને દ્રૌપદીના ભાઇ ધ્રુષ્ટદ્યુમ્નના હાથે સમાધિમાં બેઠેલા માર્યા જાય છે. તેમના પુત્ર અશ્વત્થામાને આ વાતની ખબર પડતાંજ તેઓ જે કહે છે તે રૌદ્ર રસનો સારો નમુનો છે.

कृतमनुमतं दृष्टं वा यै रीदं गुरुपातकं ।
मनुजपशुभि निर्मर्य्यादैः भवद्भिरुदायुधैः ।
नरकरिपुणासार्धं तेषां सभीम किरीटीनः ॥
मयमहमसृङ्ग मेदोमांसैः करोमि दिशां बलिम् ।

અર્થ-જે નરપિશાચોએ મર્યાદા રહિત બની શસ્ત્રો ઉગામીને ગુરૂ હત્યા કરી છે તેને અનુમોદન આપ્યું છે કે તેને જોઇ છે તે કૃષ્ણ ભીમ અર્જુન સાથે તમામનાં હાડકાં, ચામડાંને માંસથી હું દીશાઓને બળીદાન આપીશ. (તેમના ટુકડે ટુકડા કરી નાંખીશ.)

રાવણ શીશુપાલ વિગેરેએ રૌદ્ર રસ ભગવાનની તરફ યોજીને મુક્તિ પામ્યા.

ખીજે તો મુક્તિ દી, રીઝે દીનિ લંક
અંધધુંધ દરબારમેં તુલસી ભયો નિશંક

વીરરસ–

મેઘનાદ યુદ્ધભૂમિમાં ઉતરતાં સામે વાનરસેના લક્ષ્મણ વિગેરેને જોઇને જે વચનો ઉચ્ચારે છે તે વીરરસનો સારો નમુનો છે.

क्षुद्राःसंत्रासमेते विजहित हरयः क्षुणशक्रेभ कुम्भा ॥
युष्मद्देहे लज्जांदधति परममो सायका निष्पतन्तः।
सौमित्रे तिष्ठ पात्रत्वमसि नहिरुषां नन्वहं मेघनादः ॥
किंचिद्भ्रू भंगलीला नियमित जलधि राममन्वेषयामि।

અર્થ–ક્ષુદ્ર વાનરો ! તમે નકામો ત્રાસ પામો છો બીક ત્યજી દો. ઐરાવતનું માથું ફોડનાર મારાં બાણો તમારા શરીર તરફ જતાં લજવાય છે હે લક્ષ્મણ તું ઊભો રહે; તારા પર મેઘનાદનો કોપ ઉતરનાર નથી. જેણે આંખના પલકારામાં સમુદ્રપર સેતુ બાંધ્યો તેવા રામને હું શોધું છું.

આલંબન વિભાવ–રામ લક્ષ્મણ
ઉદ્દીપન ,, રણ ભેરી
અનુભાવ બધાને છોડીદઇ રામનેજ શોધવાતે
વ્યભીચારી ભાવ ઉચ્ચટાટિનો ગર્વ
સ્થાયીભાવ આ બધાથી વર્ધિત ઉત્સાહ તે વીર રસ.

વીરરસથી પ્રભુને કોણ મળ્યું ભીષ્મપિતામહ એમણે કૃષ્ણને પણ હથીઆર પકડાવ્યાં.

હાસ્યરસ–

હાસ્યરસ કેવી રીતે પ્રભુને મેળવે ? તેનું ઉદાહરણ શ્રી લક્ષ્મીજી છે. તેમની પાસે હાસ્ય રસ એજ પ્રધાન ભકિત છે.

धन्या देव कुले गिरीन्द्रतनय गौरी महा सुन्दरी।
यस्माद्वृद्धपतिं विहाय जटीलं नान्यं जनं सेवते ॥

लोले त्वं च विहाय मां धनवतां गेहेसु तिष्ठेः सदा।
कः प्राणेश्वर वक्ति तद्बुधगणास्तेमेसपत्निसुताः॥

અર્થ:–દેવ કુળમાં પર્વતની પુત્રી સૌન્દર્યવાળી પાર્વતીને ધન્ય છે કે જટાવાળા વૃદ્ધ સ્વામીને છોડીને બીજાને ભજતી નથી પણ હે ચપલ ! લક્ષ્મી ! તું તો મને છોડીને ધનવાનોના ઘરમાં વાસ કરે છે. હે નાથ ? આવું કોણ કહે છે. વિદ્વાનો પણુ તે તો મારી શોક્યનાં સંતાનો છે ? બુધ ગણ તો સપત્નિના પુત્રો હોઇ મને લાંછન લગાડે તો ભલે લગાડે જ્યાં આપ જાઓ ત્યાં મારે આપની પાછળ જવું પડે જ ને ?

હાસ્યરસનું બીજું ઉદાહરણ

अंगुल्या कः प्रहरति कपाटे कुटीलो माधवः।
किं वसंतो नो चक्री किं कुलालः॥
नहि धरणीधरः किं फणीन्द्रो द्विजिह्वः॥
मुग्धे धौराहिमर्दी किमुत खगपति॥
नों हरि किं कपीन्द्रः।
श्रुत्वेदं सत्यभामा प्रतिवचन जितः पातु वः चक्रपाणिः॥

અર્થ:–આંગળાંથી કમાડ કોણ જોરથી ખટખટાવે છે ? કપટી માધવ ! કોણ વસન્ત.–નહી–ચક્રી–ચક્રવાળો–એટલે કુંભારકે ? નારે ના કોણ બે જીભવાળો સાપ તો નથી ? નહી રે હું તો કાલીનાગનો નાથનાર ત્યારે તો ગરૂડજ. ના ? ના હરિ છું ? કોણ હનુમાનને ! આ પ્રમાણે સત્યભામાએ વચનથી હરાવેલા કૃષ્ણ તમને રક્ષણ આપો

આ પ્રમાણે હાસ્ય રસથીએ સત્યભામાએ પ્રભુને પ્રસન્ન કર્યા:–

ભયાનક રસ:–

ततः स विस्मया विष्टोहृष्ट रोमा धनंजयः।
अदृष्टपूर्वं व्यथीतोऽसि दृष्ट्वा भयेन च प्रव्यथीतं मनोमे॥
तेनैव रूपेण सहस्र बाहोभव विश्वमूर्ते।

અર્જુનને વિશ્વરૂપ જોયા પછી તેને જે ભાવ થયો તે ભયાનક રસ.

પ્રલ્હાદની રક્ષા માટે પ્રભુ નરસિંહ રૂપ ધરીને હરિણ્યકશ્યપુને નખથી ચીરી નાંખે છે. તે વખતે લોહી તરબોળ જમીન થાય છે. આંતરડાને માંસ બહાર નીકળેલું દેખાય છે. આ બીભત્સ રસ છે. આવો દેખાવ જોઇને પ્રલ્હાદના હૃદયમાં ભગવાનનું રૂપ એવું બેસી ગયું કે તે કદી જુદુ પડયું નહિ.

અદ્ભુતરસ

પોપટવાળાં દશ પાંજરાં લાવો તેના દરવાજા ભૂલથી પણ ઉઘાડા રહે તો પોપટો તેમાં રહેશે ! ના ઉડી જાય. ત્યારે શરીર રૂપી પિંજરામાં નવેદ્વાર ખુલ્લાં હોવા છતાં આત્મા પોપટ ઉડી જતો નથી એ અદ્ભુત નથી શું ? આ વિસ્મયથી હૃદય દ્રવીભૂત થાય અને દ્રવીભૂત થયેલા હૃદયમાં પ્રભુની મૂર્તિ બેસી જાય. તો તે પ્રભુને અપાવે.

उद्घाटित नवद्वारे पंजरे अस्तु विहंगमः ।
यत् तिष्ठति तदाश्चर्यं प्रयाणे विस्मयः कुतः ॥

ખુલ્લાં નવ બારણાંવાળાં શરીરરૂપી પાંજરામાં પ્રાણરૂપી પક્ષી રહેલેજ નવાઇની વાત છે. ચાલ્યો જાય તો તેમાં નવાઇ શું છે.

આ પ્રમાણે સાત રસોને પ્રભુમાં વાળીએ તો તેજ રસો બંધઃ નનું કારણ ન થતાં મોક્ષનું કારણ થાય.

આ ઉપરાંત શાન્ત રસ છે. હવે આ રસ ભક્તોમાં હોય છે. ભર્તુહરીએ કહ્યું છે કે.

अहौ वा हारे वा कुसुमशयने वा दृषदि वा ।
मणौ वा लोष्टेवा बलवति रीपौ वा सुहृदि वा ॥
दीने वा स्त्रैणे वा मम समदृशो यान्तु दिवसाः ।
कच्चित्पुण्यारण्ये शिव शिव शिवेति प्रलपन् ॥

અર્થ:—સાપથી અગર હારથી પુષ્પની પથારી કે ખુલ્લી જમીનમાં, મણીઓમાં કે લોઢામાં, સબળ શત્રુની વચ્ચે કે મિત્રો વચ્ચે ગરીબોની કે સ્ત્રીઓની વચ્ચે મારા દીવસો સરખાજ પસાર થાઓ કે જેથી કોઇ પવિત્ર જંગલમાં શિવ શિવ શિવ બોલતાં દિવસો પસાર કરૂં.

ત્રિધા બદ્ધ ભક્તિ વૃષભ ત્રણ રીતે શી રીતે બંધાએલો છે?

૨ અનન્ય ભાવ.	૧ ગુણકીર્તના સક્તિ
૩ તન્મય ભાવ.	૨ આત્મનિવેદના સક્તિ
૧ વૈરાગ્ય	૩ તન્મયા સક્તિ

ભક્તિ કરીને પહેલાં સંસારથી વૈરાગ્ય ઉપજાવો પછી ભક્તિ વધારશો તો પ્રભુમાં અનન્યભાવ થશે અને તે પછી પણ ભક્તિ ચાલુજ રાખશો તો તન્મયભાવ થશે. અને તન્મય ભાવજ મુક્તિનું કારણ છે.

अनन्याश्चिन्तयंतो मां येजनापर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहं ॥

આ અનન્ય ભાવ છે.

ચંપક તુજમે તીન ગુણ રૂપરંગ અરૂ બાસ,
અવગુણ ક્યા તુજમે ભયા ભ્રમર ન આવે પાસ;
તીનો ગુણ મુજમે ભલે, રૂપ રંગ અરૂ બાસ
ઠોર ઠેરકે મિતકો બહવે પાસ.

આવો ઠેરઠેર વિ નંદ છોડીને ભગવત્પ્રેમ કરો તો જરૂર પ્રભુ મળશે. તમને પ્રભુ સહીસલામત પોતામાં મેળવી લેશે.

હરિ ૐ તત્ સત્